# CRU NEWSLETTER

*A newsletter for friends of CRU Gandhinagar*

Children's Research University

2024-2025, Volume I, Issue III-IV
March - April, 2025

Editor : Dr. Rajesh Chauhan

## UNIVERSITY HIGHLIGHTS

તા. ૪-૩-૨૦૨૫

### તપોવન ગર્ભસંસ્કાર કેન્દ્રના ૧૩ લાભાર્થીઓની સામૂહિક સીમંતોન્નયન સંસ્કારવિધિ



'સીમંતોન્નયન સંસ્કાર' હિન્દુ ધર્મમાં સોળ સંસ્કારો પૈકીનો ત્રીજો અને ગર્ભાવસ્થા સાથે સંકળાયેલ મહત્ત્વપૂર્ણ સંસ્કાર છે. આ સંસ્કાર ખાસ કરીને ગર્ભાવસ્થાની સુખદ અને સ્વસ્થ યાત્રા માટે માતાને શારીરિક, માનસિક અને આધ્યાત્મિક રીતે શક્તિશાળી બનાવવા માટે કરવામાં આવે છે. ત્યારે આજ રોજ ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી દ્વારા તપોવન ગર્ભસંસ્કાર કેન્દ્રના લાભાર્થી સગર્ભા બહેનો માટે 'છઠ્ઠા સામૂહિક સીમંતોન્નયન સંસ્કારવિધિ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પવિત્ર સંસ્કારવિધિમાં ૧૩ યુગલોએ ભાગ લીધો હતો અને વૈદિક વિધિઓ દ્વારા માતૃત્વના આ શ્રેષ્ઠ તબક્કામાં આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

આ સમારંભનું આયોજન માનનીય કુલપતિશ્રી ડૉ. ટી. એસ. જોષીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. તેઓએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, 'સીમંતોન્નયન સંસ્કાર માત્ર એક વિધિ નથી, તે માતા અને ગર્ભસ્થ શિશુ માટે શારીરિક, માનસિક અને આધ્યાત્મિક સંવર્ધનની પરંપરા છે, જે માતૃત્વની યાત્રાને પવિત્ર બનાવે છે.'

યુનિવર્સિટીના શિક્ષક શ્રી જયદેવ ધાંધિયા દ્વારા સંપન્ન કરાવવામાં આવેલી સીમંતોન્નયન સંસ્કારવિધિમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી તરફથી દરેક સગર્ભા બહેનોને પ્રમાણપત્રની ભેટ આપવામાં આવી હતી.

સંશોધનો દર્શાવે છે કે, માતાના ભાવનાત્મક અને માનસિક આરોગ્યનો શિશુના માનસિક અને શારીરિક વિકાસ પર સીધો પ્રભાવ પડે છે, જેથી સીમંતોન્નયન સંસ્કાર વધુ પ્રાસંગિક બની જાય છે. આ સંસ્કાર માતૃત્વની યાત્રાને શુભ અને પવિત્ર બનાવવાનો એક શ્રેષ્ઠ ઉપક્રમ છે, જે માતા અને ગર્ભસ્થ શિશુ માટે આશીર્વાદરૂપ બને છે. સમગ્ર કાર્યક્રમનું સંયોજન ડૉ. વૃંદન જયસ્વાલ અને સહ-સંયોજન ડૉ. જલ્પાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું, જ્યારે આયોજનમાં વિભાગના અધ્યક્ષ ડૉ. રાકેશ પટેલનું માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું.



### બાળવિકાસ અને કૌટુંબિક સુખાકારી પર એક દિવસીય વર્કશોપનું આયોજન

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી ખાતે સમાજકાર્ય અને ગૃહવિજ્ઞાન વિભાગના સંયુક્ત ઉપક્રમે 'બાળવિકાસ અને કૌટુંબિક સુખાકારી : સમાજકાર્ય અને ગૃહવિજ્ઞાનનું સંકલન' વિષય પર એક દિવસીય વર્કશોપનું આયોજન થયું. આ કાર્યશાળા માટે ગુજરાતની વિવિધ કોલેજોના હોમસાયન્સ અને સમાજકાર્ય વિષયના ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓ અને CRUના વિદ્યાર્થીઓ સહિત ૧૫૦ થી વધુ વિદ્યાર્થીઓ સહભાગી થયા હતા. કાર્યશાળાના ઉદ્‌ઘાટન સત્રમાં યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી ડો. ટી. એસ. જોષી, મહિલા અને બાળ કલ્યાણ વિભાગના નાયબ નિયામક શ્રી કિશોર કાતરિયા, યુનિવર્સિટીના રજિસ્ટ્રારશ્રી ડો. નીલેશ પંડ્યા અને વિભાગના અધ્યક્ષ પ્રો. પ્રશાંત પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ વર્કશોપ દરમિયાન કુલ ચાર સત્ર યોજાયાં હતાં. ઉદ્ઘાટન સત્ર બાદ દ્વિતીય સત્રમાં ડો. શીતલબેન સોઢા (આસિસ્ટન્ટ પ્રોફેસર, મ્યુનિસિપલ આટ્ર્સ એન્ડ અર્બન બેંક સાયન્સ કોલેજ, મહેસાણા), તૃતીય સત્રના તજજ્ઞ તરીકે સુશ્રી સોમ્યા દવે (ન્યુટ્રીશન ઓફિસર, યુનિસેફ કચેરી, ગાંધીનગર) અને તેમની સાથે હાર્દિક શાહ (કન્સલ્ટન્ટ, યુનિસેફ કચેરી) ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યશાળાના સમાપન સત્રમાં વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરાયાં હતાં. સમાપન સત્રમાં રજિસ્ટ્રારશ્રી ડૉ. નીલેશ પંડ્યા, પ્રો. રણજિતસિંહ પવાર, પ્રો. સંજય ગુપ્તા અને પ્રો. પ્રશાંત પટેલ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમની આભારવિધિ હોમસાયન્સ વિભાગના સંયોજક ડૉ. નીતાબેન ચૌધરીએ કરી હતી. કાર્યક્રમના સંયોજક તરીકે ડૉ. નરેન્દ્ર વસાવાએ ભૂમિકા ભજવી હતી.



તા. ૫-૩-૨૦૨૫

## ટોય સાયન્સ દ્વારા કાર્યરત ટોયવાન દ્વારા સરકારી પ્રાથમિક શાળા હિંમતપુરાની મુલાકાત



ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સીટીના સેન્ટર ઓફ ટૉય સાયન્સ દ્વારા કાર્યરત ટૉયવાને સરકારી પ્રા. શાળા હિંમતપુરાની મુલાકાત લીધી હતી. આ સ્કૂલમાં ૭૦ બાળકો અભ્યાસ કરે છે. આ સ્કૂલનાં બાળકો અને તેમના શિક્ષકોએ ચિલ્ડ્રન્સ રીસર્ચ યુનિવર્સિટીની ટૉયવાન નિદર્શન કર્યુ હતું. જેમાં વિવિધ પ્રકારનાં મોડેલ, રમકડાં અને પઝલ દ્વારા આનંદ સાથે શિક્ષણ મેળવ્યું હતું.આ મુલાકાતનું સંપૂર્ણ આયોજન આસિસ્ટન્ટ પ્રોફેસર શ્રી રાજેશભાઈ વાંસદડિયા અને શ્રી હર્ષ રાજગોર અને શ્રી જીજ્ઞેશભાઈ ઇટાલિયા દ્વારા કરવામાં આવ્યું હતું.

તા. ૬-૩-૨૦૨૫

## 'બાળવિકાસ અને કૌટુંબિક સુખાકારી' વિષય પર વર્કશોપનું આયોજન થયું



ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી ખાતે સમાજકાર્ય અને ગૃહવિજ્ઞાન વિભાગના સંયુક્ત ઉપક્રમે 'બાળવિકાસ અને કૌટુંબિક સુખાકારી : સમાજકાર્ય અને ગૃહવિજ્ઞાનનું સંકલન' વિષય પર એક દિવસીય વર્કશોપનું આયોજન થયું. આ કાર્યશાળા માટે ગુજરાતની વિવિધ કોલેજોના હોમસાયન્સ અને સમાજકાર્ય વિષયના ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓની સાથે ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના આ બંને વિભાગના વિદ્યાર્થીઓ સહિત ૧૫૦થી વધુ વિદ્યાર્થીઓ માટે આ વર્કશોપનું આયોજન થયું હતું.

કાર્યશાળાના ઉદ્ઘાટન સત્રમાં ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી ડો. ટી. એસ. જોષી, મહિલા અને બાળ કલ્યાણ વિભાગના નાયબ નિયામક શ્રી કિશોર કાતરિયા, યુનિવર્સિટીના રજિસ્ટ્રારશ્રી ડો. નીલેશ પંડ્યા અને વિભાગના અધ્યક્ષશ્રી પ્રોફેસર પ્રશાંત પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત યુનિવર્સિટીનો શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફ પણ આ સત્રમાં જોડાયો હતો. ઉદ્ઘાટન સત્રમાં નાયબ નિયામક શ્રી કિશોર કાતરિયાએ બીજવક્તવ્ય આપ્યું હતું, તો વિભાગના અધ્યક્ષ પ્રોફે. પ્રશાંત પટેલે યુનિવર્સિટીનાં કાર્યોથી વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. કુલપતિશ્રી ડૉ. ટી.એસ. જોષીએ આ પ્રકારના કાર્યને ઉમળકાથી વધાવ્યું હતું અને સમાજકાર્ય તેમજ ગૃહ વિજ્ઞાનની ભૂમિકા સમજાવી હતી. કાર્યક્રમના સંયોજક ડૉ. નરેન્દ્ર વસાવાએ આ વર્કશોપની પૃષ્ઠભૂમિકા રજૂ કરી હતી.



તા. ૭-૩-૨૦૨૫

## વિશ્વ મહિલા દિનની ઉલ્લાસપૂર્વક ઉજવણી કરવામાં આવી




ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના મહિલા વિકાસ સેલ અને રાષ્ટ્રીય સેવા યોજનાના સંયુક્ત ઉપક્રમે આજ રોજ વિશ્વ મહિલા દિનની ઉજવણી ઉલ્લાસપૂર્વક કરવામાં આવી હતી. કાર્યક્રમની અધ્યક્ષતા માનનીય કુલપતિશ્રી ડૉ. ટી. એસ. જોષીએ કરી હતી, જ્યારે ગુજરાતી સિનેમાની પ્રખ્યાત અભિનેત્રી સુશ્રી મમતા સોની વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓ અને સ્ટાફને પ્રેરણાદાયક વક્તવ્ય પૂરું પાડીને મહિલા સશક્તીકરણના મહત્ત્વના ઉપર પ્રકાશ પાડ્યો હતો. વિદ્યાર્થીઓ સાથે વધુ જોડાણ વધારવા માટે અભિનેત્રીશ્રી મમતા સોનીએ સંગીત ખુરશી રમતમાં પણ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

કાર્યક્રમ દરમિયાન યુનિવર્સિટીની વિદ્યાર્થિનીઓ દ્વારા મહિલા દિન નિમિત્તે મહિલા સશક્તીકરણ પર આધારિત અંગ્રેજી કવિતા, નૃત્ય સહિતની સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવી હતી તેમજ ડૉ. રાજેશ ચૌહાણ દ્વારા 'યુનિફોર્મ સિવિલ કોડ' વિષય પર માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનું આયોજન યુનિવર્સિટીના મહિલા વિકાસ સેલ અને રાષ્ટ્રીય સેવા યોજનાના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કુલસચિવશ્રી ડૉ. નીલેશ પંડ્યા, મહિલા સેલના મેમ્બર સેક્રેટરીશ્રી ડૉ. ભૈરવી દીક્ષિત, એનએસએસના કોઓર્ડિનેટરશ્રી ડૉ. શિલ્પા વાળા તેમજ જાણીતા શિક્ષણવિદ્શ્રી ડૉ. મહેન્દ્ર ચોટલિયા ઉપસ્થિત રહ્યા હતા.

તા. ૧૭, ૧૮, ૧૯ અને ૨૧ માર્ચ, ૨૦૨૫

## સંશોધન પ્રોજેક્ટ પ્રગતિ સમીક્ષા



ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી દ્વારા સપ્ટેમ્બર ૨૦૨૪ માં ૪૨ સંશોધન પ્રોજેક્ટ ફાળવ્યામાં આવ્યા હતા. આ તમામ પ્રોજેક્ટ્સ બાળકના વિકાસને લગતા વિવિધ આયામોનાં માપનને લગતા તેમજ બાળકોના સર્વાંગીણ વિકાસને લગતા હતા.

સંશોધન પ્રોજેક્ટ પ્રગતિ સમીક્ષા માટે વર્કશોપ ૧૭, ૧૮, ૧૯ અને ૨૧ માર્ચ ૨૦૨૫ ના રોજ યોજવામાં આવ્યો હતો. વિવિધ ક્ષેત્રોના નિષ્ણાતોની સમિતિએ પ્રોજેક્ટની પ્રગતિની સમીક્ષા કરી હતી; જેમાં પ્રો. સતીશપ્રકાશ શુક્લા, પ્રો. આશુતોષ બિસ્વાલ, પ્રો. અજયસિંહ ચૌહાણ, પ્રો. પરશુરામ ધાકડ, પ્રો. જયેન્દ્ર અમીનનો સમાવેશ થાય છે. કુલ ૪૨ માંથી ૪૦ સંશોધનકારોએ તેમનો પ્રગતિ અહેવાલ રજૂ કર્યો હતો. સંશોધનકાર્યની પ્રગતિને લગતી વિગતે ચર્ચા કરવામાં આવી હતી. વધુ માર્ગદર્શન માટેની વ્યૂહરચના પણ ગોઠવવામાં આવી હતી. તમામ કાર્ય ગુણવત્તાપૂર્ણ અને સમયસર પૂર્ણ થાય તે બાબતને ધ્યાનમાં રાખીને સમગ્ર વર્કશોપ હાથ ધરવામાં આવ્યો હતો. આ વર્કશોપના કોર્ડિનેટર તરીકે ડો. મીનલબા જાડેજા તેમ જ કો-કોર્ડિનેટર ડો. પાર્થવી ડામોર અને ડો. દિશા નાયક હતા.

તા. ૨૦-૩-૨૦૨૫

## "એક દિવસીય બાળસાહિત્ય" વિષય પર આંતરરાષ્ટ્રીય પરિસંવાદ યોજાયો




આ કોન્ફરન્સમાં લંડન, અમેરિકા, નેપાળ, પોલેન્ડ જેવા દેશોની યુનિવર્સિટીના પ્રોફેસરોએ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી જોડાઈને પોતાના દેશના કલ્ચર અને બાળસાહિત્ય શિક્ષણ અંગે ચર્ચા કરી, આજે બાળકોને ગોખણપટ્ટી કરતા, અનુભવ આધારિત શિક્ષણની તાતી જરૂરિયાત છે :




શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયાના હસ્તે NEP ૨૦૨૦ના અમલમાં સહાયક ૧૧ બાળકેન્દ્રી પુસ્તકો, શિશુ સંગોપન તેમજ પ્લે - પ્રેક્ટિસ - પરસ્પુ પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું.

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ઇન્ડિયન કાઉન્સિલ ઓફ સોશિયલ સાયન્સ રિસર્ચ (ICSSR) અને સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાતના સંયુક્ત ઉપક્રમે "સાંસ્કૃતિક સમન્વય : વૈશ્વિક પ્રવેશદ્વાર તરીકે બાળસાહિત્ય" વિષય પર એક દિવસીય આંતરરાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયાની અધ્યક્ષતામાં થયું હતું.

આ પ્રસંગે પ્રફુલભાઈ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, શિક્ષણ માટેની જૂની પરંપરા આજનાં બાળકો ભૂલી ગયા છે, એનું મૂળ કારણ આજે વિભક્ત કુટુંભ છે, પહેલાંના સમયમાં બાળકો પોતાના દાદાદાદી સાથે રહીને જે વાર્તા સાંભળતાં હતાં એનાથી એમણે ઘણું શીખવા અને જાણવા મળતું હતું, પરંતુ આજે વિભક્ત કુટુંભ થવાના કારણે આજે બાળક મોબાઇલ સાથે પોતાનો સમય વધારે પસાર કરીને પોતાના માનસિક સ્વાસ્થ્ય પર નકારાત્મક અસરથી આજે નાની વયે બાળકોમાં આત્મહત્યાના કેસો આપણાને જોવા મળે છે.

મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યુ કે, ટેકનોલોજીનો ઉપયોગ સમય પ્રમાણે આપણે સૌ લોકોએ કરવો જોઈએ, પણ એ ટેકનોલોજીના ભરોસે રહે એવું બાળક આપણે આપણી શાળામાં તૈયાર ન થાય એવું શિક્ષણ આપવું જોઈએ, શિક્ષકોએ બાળકોને આત્મીયતા રાખીને ભણાવવું જોઈએ, નાનાં બાળકોને અનુભવ આધારિત શિક્ષણ આપવું જોઈએ, કોઈ પણ શિક્ષકે નાના બાળકોને ગોખણપટ્ટી આધારિત શિક્ષા આપવી ન જોઈએ.

મંત્રીશ્રી પાનશેરીયાએ વધુમાં રામાયણ અને મહાભારતના કેટલાક અંશો શિક્ષકો સામે રજૂ કર્યા અને પહેલાંના સમયની શિક્ષણપદ્ધતિ અને હાલના સમયની શિક્ષણપદ્ધતિ કઈ રીતે જૂદી પડે છે તેમજ આવનારા સમયમાં બાળકોને કઈ રીતે ભણાવી એક મજબૂત રાષ્ટ્રનિર્માણ કરી શકીએ તે અંગે શિક્ષકોને મંત્રીશ્રીએ માર્ગદર્શન આપ્યું હતું.

એક દિવસીય આંતરરાષ્ટ્રીય પરિસંવાદ કાર્યક્રમમાં અમેરિકાની કેમ્બ્રિજ યુનિવર્સિટીના અધ્યાપક પ્રો. કેરેન કોટ્સ 'અમેરિકન બાળસાહિત્યમાં અગ્રણી કથાનકો' વિષય પર, લંડન ઓર્ગેનાઈઝેશન ઓફ સ્કીલ્સ ડેવલપમેન્ટના સી.ઈ.ઓ પ્રો. પરીન સોમાણી 'બ્રિટિશ બાળસાહિત્ય' પર, મરાઠી બાળસાહિત્યકાર શ્રી એકનાથ આવ્હાડે 'ભારતીય બાળસાહિત્ય', પોલેન્ડની ઓપોલ યુનિવર્સિટી ઓફ ટેક્નોલોજીના અધ્યાપક ડૉ. ફિલિપ રુસિન્સ્કી 'પોલિશ બાળસાહિત્ય' તથા નેપાળની ત્રિભુવન યુનિવર્સિટીના અધ્યાપક ડૉ. કુસુમાકર નિયોપાને 'નેપાળી બાળસાહિત્ય' વિષય ઉપર વીડિયો કોન્ફરન્સના માધ્યમથી વક્તવ્ય આપ્યું હતું.

આ આંતરરાષ્ટ્રીય પરિસંવાદનો મુખ્ય ઉદ્દેશ્ય સર્વાંગી બાળવિકાસમાં બાળસાહિત્યની ભૂમિકા વિશે ચર્ચાને મંચ પૂરો પાડવાનો છે. આ ઉપરાંત રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે વિવિધ યુનિવર્સિટીઓ વચ્ચે સંશોધન આધારિત શૈક્ષણિક સહયોગ વધારવાનો છે. આ પરિસંવાદમાં દેશ-વિદેશના તજજ્ઞો, સંશોધકો દ્વારા બાળસાહિત્યને લગતા વિવિધ વિષયો ઉપર રિસર્ચ પેપર રજૂ કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ પરિસંવાદ કાર્યક્રમમાં ૧૫૦ થી વધારે સંશોધકોએ પરિસંવાદમાં ભાગ લીધો હતો.

આ કાર્યક્રમમાં શિક્ષણ રાજ્યમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયાના હસ્તે જન્મના ત્રણ વર્ષ સુધીના શિશુ માવજત અંગેના પુસ્તક શિશુ સંગોપન, તેમજ શ્રી સ્વરૂપ સંપત રાવલ દ્વારા લિખિત પ્લે - પ્રેક્ટિસ - પરસ્પુ અને NEP ૨૦૨૦ના અમલમાં સહાયક ૧૧ બાળકેન્દ્રી પુસ્તકોનું વિમોચન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. ટી.એસ. જોષી, આઈ.આઈ.ટી. ઈ ગાંધીનગરના કુલપતિ શ્રી આર.સી.પટેલ, સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાતના કુલપતિ શ્રી રમાશંકર દુબે, શિક્ષણવિદ્ ડૉ.સ્વરૂપ સંપત રાવલ, ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના સંશોધન કેન્દ્રના નિયામક શ્રી સંજય ગુપ્તા, મોટી સંખ્યામાં અધિકારીશ્રીઓ અને ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના સર્વ કાર્યકરો તેમજ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**તા. ૨૧-૩-૨૦૨૫**

## ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી અને ગીર ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે 'પ્રકૃતિના ખોળે' એક દિવસીય વર્કશોપનું આયોજન




'આંતરરાષ્ટ્રીય વન દિવસ (૨૧ માર્ચ) ના અવસરે, 'આહાર અને વન' થીમ પર અરણ્ય ઉદ્યાન ખાતે 'પ્રકૃતિના ખોળે' નામના એક દિવસીય વર્કશોપનું આયોજન ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના પરીક્ષણ અને મૂલ્યાંકન વિભાગ અને GEER ફાઉન્ડેશન દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું હતું. આ સત્રમાં માસ્ટર ઓફ સોશિયલ વર્ક (MSW), ફૂડ એન્ડ ન્યુટ્રિશનના વિદ્યાર્થીઓ અને પીએચ.ડી. બોટનીના રિસર્ચ સ્કોલર્સે ઉત્સાહપૂર્ણ ભાગ લીધો હતો.

રસપ્રદ ચર્ચાઓ અને તલ્લીન કરતી પ્રવૃત્તિઓ દ્વારા, વર્કશોપમાં જંગલો અને ખાદ્ય પ્રણાલીઓ વચ્ચેના તાણા-વાણા, પતંગિયાં વિશેનું જ્ઞાન વગેરે જેવી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

કુદરતી વાતાવરણમાં આ શૈક્ષણિક સંવાદ દ્વારા વિદ્યાર્થીઓએ અરણ્ય ઉદ્યાનમાં મિયાવાકી વાવેતર અને પ્રાણીઓને તેમના કુદરતી નિવાસસ્થાનમાં નિહાળ્યાં હતાં. સાથે સાથે જંગલના માર્ગ પર ટ્રેકિંગની સાથે GEER ફાઉન્ડેશનના પ્રોગ્રામ ઇન્ચાર્જ શ્રી આલાપ પંડિત દ્વારા રસપ્રદ માહિતી આપવામાં આવી હતી. પ્રકૃતિ જ્યારે પડકારોથી ઝઝૂમી રહી છે ત્યારે આ વિદ્યાર્થીઓને જાગૃત કરવાની પહેલ ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી ગાંધીનગરના માનનીય કુલપતિશ્રી ડૉ. ટી. એસ. જોષી દ્વારા પ્રેરિત હતી. આ વર્કશોપમાં ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના રજિસ્ટ્રાર શ્રી નીલેશ પંડ્યા તેમજ પરીક્ષણ અને મૂલ્યાંકન વિભાગના વડા ડૉ. મીનલબા જાડેજા ઉપસ્થિત રહ્યાં હતાં.

**તા. ૨૬-૩-૨૦૨૫**

## તપોવન કેન્દ્ર અને શિશુ પરામર્શન કેન્દ્રના વિસ્તરણ અને પ્રશિક્ષણકાર્ય



૨૬/૩/૨૫ ના રોજ તપોવન કેન્દ્ર અને શિશુ પરામર્શન કેન્દ્રના વિસ્તરણ કાર્ય માટે સાબરકાંઠા જિલ્લાના વડાલી અને ભિલોડા ખાતે પ્રત્યક્ષ જઈને ડૉ.કે.આર. શ્રોફ ફાઉન્ડેશનની કાઉન્સેલર બહેનોને પ્રશિક્ષણ આપ્યું હતું. ડૉ.કે.આર. શ્રોફ ફાઉન્ડેશન ગુજરાતમાં શિક્ષણ અને સેવાકાર્યોમાં ઉદાર હાથે કાર્ય કરે છે. તેમના દ્વારા સરકારી પ્રાથમિક શાળાઓમાં ૬ વર્ષ સુધીનાં બાળકોને અભ્યાસક્રમલક્ષી શિક્ષણ અને જીવનકૌશલ્ય શિક્ષણ આપવામાં આવે છે. આ સંસ્થા સાથે યુનિ. દ્વારા એમ.ઓ.યુ. કરવામાં આવ્યા છે. જેના માધ્યમથી સમયાંતરે તપોવન અને શિશુપરામર્શનનું કાર્ય ગુજરાતના અલગ - અલગ વિસ્તારોમાં કરવામાં આવશે. આ અનુસંધાને પ્રશિક્ષણનું કામ શરૂ કરવામાં આવ્યું છે.

તા. ૧૯-૪-૨૦૨૫

## ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી સંચાલિત વિદ્યાવાટિકા દ્વારા વાર્ષિકોત્સવ "આનંદયાત્રા"ની રંગેચંગે ઉજવણી



ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ સ્કૂલ એજ્યુકેશન દ્વારા સંચાલિત પ્રિ - સ્કૂલ વિદ્યાવાટિકા દ્વારા વાર્ષિકોત્સવ "આનંદયાત્રા" ૨૦૨૫ની ઉજવણી ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના હોલમાં કરવામાં આવી હતી. યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી ડૉ. ટી. એસ. જોષીની અધ્યક્ષતામાં આયોજિત આ કાર્યક્રમમાં અતિથિવિશેષ તરીકે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના ચેરમેનશ્રી રણજિતસિંહ બારડ ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાવાટિકામાં પંચકોશાત્મક શિક્ષણ પ્રાપ્ત કરતાં બાળકોની સમગ્ર વર્ષની શિક્ષણયાત્રા કેવી રહી તે સંદર્ભે આનંદયાત્રાનું આયોજન કરાયું હતું, જેને યુનિવર્સિટીના પદાધિકારીઓ, અધ્યાપકો, સમાજના અગ્રણીઓ અને બાળકોના વાલીઓએ મનભરી માણ્યું હતું.

આ કાર્યક્રમની વિશેષતા એ હતી કે, બાળકોની સાથે સાથે તેમનાં માતા-પિતા અને દાદા-દાદી એમ કુલ ત્રણ પેઢીએ એક સાથે એક સ્ટેજ પર વિવિધ પ્રસ્તુતિઓ આપી હતી. બાળકોએ તેમના હસ્તે બનાવેલ રમકડાઓ દ્વારા અતિથિવિશેષ અને મહેમાનોનું સ્વાગત કર્યુ હતું. આ કાર્યક્રમમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ મુજબ વિદ્યાવાટિકાનાં બાળકોને પંચકોશ વિકાસ આધારિત વિવિધ પ્રવૃત્તિઓ અને કૃતિઓ રજૂ કરી હતી.

આ કાર્યક્રમમાં સેક્ટર ૨૦/૧ ની સરકારી પ્રાથમિક શાળાના બાલવાટિકાના બાળકો દ્વારા પણ નૃત્યની પ્રસ્તુતિ આપવામાં આવી હતી. વર્ષ દરમિયાન નિયમિત રહેનાર અને બાળકના વિકાસમાં સક્રિય રહેનાર વાલીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન મનોવિજ્ઞાનના આસિ. પ્રો. ડૉ. રોનક પરમાર દ્વારા અને કાર્યક્રમનું આયોજન અને વ્યવસ્થાપન વિસ્તરણ કેન્દ્રના નિયામકશ્રી અને સ્કૂલ ઓફ એજ્યુકેશનના વિભાગના અધ્યક્ષશ્રી ડૉ. રણજિતસિંહ પવારના માર્ગદર્શનમાં વિદ્યાવાટિકાની સમગ્ર ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

તા. ૨૨-૪-૨૦૨૫

## ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી દ્વારા ૧લી મેના રોજ સીમંતોન્નયન સંસ્કારનું આયોજન





સમગ્ર રાજ્યની કોઈપણ સગર્ભા માતા કે જેઓને સાતમો મહિના હોય તે ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી ખાતે સીમંતોન્નયન સંસ્કાર કરાવી શકશે ભારતીય સંસ્કૃતિમાં માનવ જીવનના સર્વાંગી વિકાસ માટે વિચારવામાં આવેલાં સોળ સંસ્કારોમાં દરેક સંસ્કારનું આગવું સ્થાન છે. આમાંથી ત્રીજો સંસ્કાર એટલે કે 'સીમંતોન્નયન સંસ્કાર' સગર્ભા માતાના શારીરિક અને માનસિક સ્વાસ્થ્યની સાથે સંતાનના સુખદ ભાવિ માટે અત્યંત મહત્વપૂર્ણ છે. આ સંસ્કારના માધ્યમથી માતાના ચિંતન, ભાવનાઓ અને જીવનશૈલી માતૃત્વ માટે અનુકૂળ બને છે અને બાળક માટે ઉત્તમ સંસ્કારનો આધાર સ્થાપિત થાય છે. ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીમાં કાર્યરત તપોવન ગર્ભસંસ્કાર કેન્દ્ર દ્વારા તા. ૧ મે ૨૦૨૫ના રોજ 'સામૂહિક સીમંતોન્નયન સંસ્કારવિધિ'નું આયોજન કરવામાં આવ્યું છે. આ વિધિ શાસ્ત્રોક્ત પદ્ધતિ અને હવનવિધિ દ્વારા યોજાશે, જેમાં માતા અને ગર્ભસ્થ શિશુના દીર્ઘાયુ, ઉત્તમ આરોગ્ય અને સંસ્કારયુક્ત જીવન માટે આશીર્વાદરૂપ મંત્રોચ્ચાર અને યજ્ઞવિધિ સમાવિષ્ટ રહેશે. આ પ્રસંગે યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી ડૉ. ટી.એસ.જોશીએ જણાવ્યું હતું કે, ભારતીય સંસ્કૃતિનું વૈજ્ઞાનિક ચિંતન એ સિદ્ધ કરે છે કે બાળકના વિકાસની શરૂઆત માતાના ગર્ભમાંથી થાય છે. માતાના ભાવો, ચિંતન અને આસપાસનું વાતાવરણ બાળકના સ્વભાવ અને સંસ્કાર ઘડવામાં આધારશિલા બની રહે છે. એવા સંજોગોમાં સીમંતોન્નયન સંસ્કાર માતા માટે એક આધ્યાત્મિક શક્તિથી ભરપૂર પ્રેરણાસ્રોત બની શકે છે. ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી ગર્ભસંસ્કારના સંશોધન અને સમગ્ર સમાજમાં તેના પ્રચાર માટે સમર્પિત છે. આ સંસ્કારવિધિથી નિઃસંદેહ ભવિષ્યની પેઢી વધુ સંસ્કારયુક્ત, તંદુરસ્ત અને વિચારશીલ બનશે."

સામૂહિક સીમંતોન્નયન સંસ્કારવિધિમાં ગુજરાત રાજ્યની કોઈપણ સાતમો મહિનો હોય તે સગર્ભા માતાઓ ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી ખાતે સીમંતોન્નયન સંસ્કારવિધિનો લાભ લઈ શકે છે. જેમાં યજ્ઞ, મંત્રોચ્ચાર અને વૈદિક પદ્ધતિથી માતાના મન અને ગર્ભના વાતાવરણને પાવન કરવામાં આવશે.

તા. ૨૭-૪-૨૦૨૫

## ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી અને ગાંધીનગર મહાનગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે ૨૭ એપ્રિલના રોજ 'ચિલ્ડ્રન્સ હેપ્પી સ્ટ્રીટ'નું આયોજન




ગાંધીનગર મહાનગરપાલિકા અને ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે, ગાંધીનગર શહેરમાં સૌપ્રથમ વખત ચિલ્ડ્રન્સ હેપ્પી સ્ટ્રીટનું સુંદર આયોજન ૨૭ એપ્રિલ ૨૦૨૫, રવિવારના રોજ કરવામાં આવ્યુ હતું. સવારે ૭થી ૯ વાગ્યા દરમિયાન ચિલ્ડ્રન્સ હેપ્પી સ્ટ્રીટ છ-૫ સર્કલથી ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, સેક્ટર ૨૦ સુધીના માર્ગ પર યોજાઈ ગયો. આ અનોખા કાર્યક્રમ હેઠળ ૨ થી ૧૪ વર્ષના બાળકો અને તેમનાં માતા-પિતાને ભુલાઈ ગયેલી વિવિધ પરંપરાગત ભારતીય રમતો રમાડવામાં આવી. કાર્યક્રમનો મુખ્ય હેતુ બાળકોને ડિજિટલ દુનિયાથી થોડા દૂર લઈ જઈને તેમને રમતગમત, શારીરિક તેમજ સામાજિક વિકાસ તરફ ઉન્મુખ બનશે. સાથો સાથ વિવિધ મનોરંજક પ્રવૃતિઓને આધારે બાળકોનો માતા-પિતા સાથેનો સંબંધ વધારે ગાઢ બનશે. ચિલ્ડ્રન્સ હેપ્પી સ્ટ્રીટ કાર્યક્રમની વિશેષતાઓ વિશે વાત કરીએ તો તેમાં દોરડાકૂદ, આંધળો પાટ, લંગડી, ઊભી ખો, પાંચીકા, બોર્ડગેમ,વિજ્ઞાન પ્રયોગ, પપેટ, ભમરડાં, લખોટી, ગિલ્લીદંડા, પગથિયા જેવી પ્રકારની મનોરંજક રમતો બાળકો માટે હશે. આ ઉપરાંત સંગીત, પેપરક્રાફ્ટ, ડ્રોઈંગ અને પેઈન્ટિંગ, માટીકામ, ટોય મેકિંગ અને પપેટ શો જેવાં વિવિધ આકર્ષણો બાળકો અને વાલીઓ માટે હશે. ગાંધીનગરના ૨થી ૧૪ વર્ષના બાળકોના માતા-પિતાસહભાગી બન્યા હતા.

તા. ૨૮ એપ્રિલથી ૧૦ મે ૨૦૨૫

## ૧૩ દિવસ સુધી વિદ્યાર્થીઓને કલા, સંગીત, સાહિત્ય, રમકડાં, રમતગમત જેવા વિષયોમાં તાલીમ અપાઈ

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા ઉનાળુ વેકેશન દરમિયાન બાળકો રચનાત્મક અને સર્જનાત્મક પ્રવૃતિઓમાં રચ્યાંપચ્યાં રહે તે માટે કલામૃતમ-૨૦૨૫ સમરકેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૨૮ એપ્રિલથી ૧૦ મે સુધી એમ ૧૩ દિવસની આ ખાસ સમર કાર્યશાળામાં વિવિધ વયજૂથના બાળકો માટે તેમની રુચિ અનુસાર વિશિષ્ટ પ્રવૃત્તિઓનું આયોજન થયું હતું. નિષ્ણાત કલાગુરુઓના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓને કલા, સંગીત, સાહિત્ય, રમતગમત જેવા વિવિધ વિષયોમાં તાલીમ આપી હતી.

આ સમર કેમ્પ ત્રણ જુદી જુદી કેટેગરીમાં વિભાજિત કરેલ જેમાં ધોરણ ૪થી ૬ના વિદ્યાર્થીઓ માટે બે વિભાગમાં કેમ્પનું આયોજન કરાયું. પ્રથમ વિભાગમાં મ્યુઝિક, ડ્રોઈંગ અને પેઈન્ટિંગ, રમત-ચેસ, વૉલીબોલ, ટોય મેકિંગ, વાંચન કાર્યશાળા, ભારતીય દેશી રમતો હતી જેમાં ૫૦ વિદ્યાર્થીઓ, દ્વિતીય વિભાગમાં નાટ્યકળા, નૃત્યકળા, ફોટોગ્રાફી વિષયો હતા તેમાં ૩૦ વિદ્યાર્થીઓ, ત્રીજી કેટેગરી ધોરણથી ઉપરના વિદ્યાર્થીઓ માટેની હતી. જેમાં ભાષાસજ્જતા હેઠળ ગુજરાતી, સંસ્કૃત, અંગ્રેજી અને જાપાનીઝ ભાષા શીખવવામાં આવેલ.

